## શક્તિપીઠ અંબાજી ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીએ ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કર્યા



શક્તિ, ભકિત અને આસ્થાના ત્રિવેણી સંગમ સમાન વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજા અર્ચના કરી હતી. ગૃહ રાજ્ય મંત્રીશ્રીનું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટરશ્રી આનંદ પટેલે માતાજીનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતુ. અંબાજી મંદિરના પુજારી દ્વારા માતાજીની ચુંદડી ઓઢાડીને તેમનું બહુમાન કરાયું હતુ. યાત્રાધામ અંબાજીની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ સ્ટોન આર્ટીઝન પાર્ક, ગબ્બર ખાતે આવેલ ૫૧ શક્તિપીઠ પરિક્રમા કરીને તેલીયા નદીનું નિરીક્ષણ કર્યું હતુ. ત્યારબાદ માંગલ્યવન અને પ્રસિદ્ધ કુંભારીયાના જૈન દેરાસરની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીની મુલાકાત પ્રસંગે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટરશ્રી આનંદ પટેલ, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, અંબાજી મંદિરના વહીવટદારશ્રી આર.કે.પટેલ સહિત વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી : મોડાસા આર્ટ્સ કોલેજમાં ફી બાકી હોવાથી વિદ્યાર્થીઓ રઝળ્યા !! કોલેજમાં છેલ્લે માર્ચ મહિના સુધી ફી લેવાઈ



કોરાના કાળમાં અનેક લોકોના રોજગાર ભાંગી પડ્યા જેને લઈને કેટલાય પરિવારોને ગુજરાન ચલાવવાના ફાંફા પડી ગયા હવે શાળા-કોલેજ શરૂ થઇ ચૂકી છે ત્યારે કેટલાક પરિવારોને શાળા – કોલેજની ફી ક્યાંથી ભરવી તે એક સવાલ છે. મોડાસાની આર્ટ્સ કોલેજમાં F.Y.B.A અને S.Y.B.A ની પરીક્ષામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને ફી બાકી હોવાથી પરીક્ષામાં નહીં બેસવા દેવામાં આવતા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.હાલ હેમચંદ્રાચાર્ય સંલગ્ન કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ. અને બીજા વર્ષ બી.એ. ની પરીક્ષાઓ ચાલી રહી છે, ત્યારે સેમિસ્ટર ૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી બાકી હોવાથી ૧૫૦ થી વધારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપ્યા વિના જ રહી ગયા છે. કોલેજમાં વિદ્યાર્થીઓને પરીક્ષામાં નહીં બેસવા દેવામાં આવતા મોડાસા નગર પાલિકા AIMIM ના કોર્પોરેટર લાલાભાઈ વાયરમેને જણાવ્યું કે, આ અંગે વિદ્યાર્થીઓને જાણ પણ કરવામાં આવી નથી, જેથી વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બનવાની શક્યતાઓ છે. આ સાથે જ તેમણે ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં પણ રજૂઆત કરવાની વાત કરી છે. હાલ તો તેમણે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપીને આ અંગે રજૂઆત કરી છે. તો બીજી બાજુ આર્ટ્સ કોલેજના આચાર્યએ જણાવ્યું કે, જે વિદ્યાર્થીઓ પરીક્ષા વિના રહી ગયા છે, તેમણે પરીક્ષા ફોર્મ પણ ભર્યું નથી અને યુનિવર્સિટીની પરીક્ષા ફી બાકી છે. કોલેજના આચાર્યએ એમ પણ જણાવ્યું કે, ચાર મહિના સુધી ફી લેવા માટેની કામગીરી ચાલતી હતી છેલ્લે ૨૩-૦૩-૨૦૨૨ સુધી ભરવામાં આવી હતી, તેમ છતાં વિદ્યાર્થીઓએ ફી નથી ભરી. કોરોના કાળ દરમિયાના પરીક્ષા અને પરીક્ષા ફી અંગે કોલેજના ગૃપમાં જાણ કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

## આપ મેદાને ઉતરી : ખાનગી શાળાઓની મનમાની બંધ કરવાની માંગ સાથે અરવલ્લી કલેકટર કચેરી ખાતે સુત્રોચ્ચાર



વિધાનસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ રાજકીય પાર્ટીઓ મેદાને ઉતરી રહી છે. ભાજપ વધારે બેઠકો મેળવવા જોર લગાવી રહ્યું છે, તો કોંગ્રેસ પાર્ટીને જે બેઠકો મળી છે તેને બચાવવા કમર કસી છે, આ વચ્ચે આ વર્ષે આપ પાર્ટી ૫૦ થી ૬૦ બેઠકો મેળવવા માટે મેદાને ઉતરી છે. સમગ્ર રાજ્યમાં શિક્ષણના મુદ્દાને લઈને આપ પાર્ટીએ વિરોધના સૂર શરૂ કર્યા છે. અરવલ્લી જિલ્લામાં આપ પાર્ટીએ શિક્ષણના વિવિધ મુદ્દાને લઈને કલેક્ટર કચેરી ખાતે વિરોધ દર્શાવ્યો હતો. જિલ્લા આપ પાર્ટીના આગેવાનો કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા, અને શિક્ષણ વ્યવસ્થા સુધારવાની ઉગ્ર માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. આપ પાર્ટી આ વર્ષે દિલ્હી મોડલ લઈને ગુજરાતની ચૂંટણીમાં ઝંપલાવ્યું છે ત્યારે દિલ્હીમાં ચાલતી શિક્ષણ વ્યવસ્થાના મુદ્દે ચૂંટણી મેદાને છે જેને લઈને અરવલ્લી જિલ્લામાં વિરોધ દર્શાવી કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. આ સાથે જ તેમણે એમપણ કહ્યું કે, કોરોના કાળ પછી આવકમાં ઘટાડો અને મોંઘવારીમાં વધારો થતાં લોકોને ઘરનું ગુજરાન ચલાવવું અઘરૂ બન્યું છે ત્યારે આવી વ્યવસ્થા બદલવાની ઉગ્ર માંગ સાથે કલેક્ટરને આવેદન પત્ર આપી વિરોધ કર્યો હતો. વિરોધ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા આપ પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકા પંચાયતમાં કરાર આધારીત કર્મચારીઓનું આવેદનપત્ર



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત તાલુકા પંચાયત કચેરીમાં મનરેગા યોજના અંતર્ગત કરાર આધારીત કર્મચારીઓને બંધારણી અધિકાર મુજબ સમાન કામ અને સમાન વેતન કર્મચારીઓને મળતું નથી.કરાર આધારીત કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે.ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં મનરેગા વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ વિવિધ પડતર માંગણીઓ અને વર્ષો જુના પ્રાણ પ્રશ્નો સંદર્ભે ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જગતસિંહ એમ.ઠાકોરને આવેદનપત્ર પાઠવ્યું હતું.મનરેગા વિભાગના કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે.

# બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્રના તેલ પ્રકરણમાં ગાંધીનગરથી ખુલાસો પૂછાયો

### તપાસ રિપોર્ટ બાદ આંગણવાડી કાર્યકર સામે બરતરફીની તલવાર લટકી: ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. દ્વારા દુકાનમાં તપાસ કરી નિવેદનો લેવાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાની નવામોટા બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્ર-૧ ને ફાળવામાં આવેલા તેલના ડબા સગેવગે કરવાના પ્રકરણનો પર્દાફાશ થયો છે. સ્થાનિક ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. દ્વારા નિવેદનો નોંધવાની શરુઆત કરવામાં આવી છે અખબારી અહેવાલ પછી મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગર દ્વારા તેલ પ્રકરણનો ખુલાસો પૂછવામાં આવતાં હલચલ મચી છે. તપાસ રિપોર્ટ તટસ્થ રીતે રજૂ કરવામાં આવશે તો આંગણવાડી કેન્દ્રમાં તેલ સગેવગે કરવાની પેરવીમાં બરતરફની તલવાર લટકી છે.



નવામોટા બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્ર-૧માં ઘણા સમયથી આંગણવાડી કાર્યકરબહેન અને મળતિયાઓ દ્વારા કેન્દ્રમાં આવતું તેલ તેમજ અન્ય પૌષ્ટીક આહાર બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ ચલાવામાં આવતું હતું જે અંગેની ઉચ્ચ કક્ષાએ ફરિયાદો છતાં સ્થાનિક તંત્ર દ્વારા કોઈ તપાસ કરવામાં આવી ન હતી પરંતુ તાજેતરમાં કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આ કૌભાંડના પદાફાશ માટે વોચ ગોઠવામાં આવી હતી જેમાં આંગણવાડી કેન્દ્રને ફાળવામાં આવેલા તેલના ડબા પૈકી ૪ ડબા ખાનગી દુકાનમાં ઉતારવામાં આવતાં તેનો વિડીયો જાગૃત નાગરિકે ઉતારી લીધા પછી તેલ કૌભાંડ નો મુદ્દો સોશ્યલ મીડીયામાં છવાઈ ગયો હતો. તેલ પ્રકરણ મુદ્દે ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. અલ્પાબેન પટેલ દ્વારા નિવેદનો લેવાની શરુઆત કરવામાં આવી ૨૦થી વધુ ગામ લોકોએ તેલ પ્રકરણમાં જે નિવેદનો નોંધાવ્યા છે તેમાં ઉંડી તપાસ થાય તો મોટું કૌભાંડ ઉજાગર થઈ શકે છે. જ્યારે જે દુકાનમાં આંગણવાડી કાર્યકરે તેલના ડબા મૂકાવ્યા હતા તે વેપારીએ મૌખિક રીતે ટ્રેક્ટરમાંથી કાર્યકર બહેને ડબા ઉતરાવ્યા હોવાનું કબુલ્યું છે પરંતુ લેખિત રીતે સ્વીકારવાનો ઈક્રાર કરી દેતાં તેલ કૌભાંડની ગંધ આવી રહી છે. જ્યારે બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્રના તેલના ડબા ગાયબ કરવાનો મુદ્દો છેક હવે ગાંધીનગર સુધી ગાજ્યો છે. ગત રોજ મહિલા અને બાળવિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સમગ્ર પ્રકરાનો ખુલાસો માંગવામાં આવતાં તંત્ર દોડતું થયું છે. તેલ પ્રકરણની તટસ્થ અને ન્યાયિક તપાસ કરવામાં આવશે તો આદિવાસી બાળકોના મોઢાનો કોળીયો છીનવી લેનારા ઉપર બરતરફીના પગલાં ગમે ત્યારે ભરાઈ શકે છે તેવા સંકેત મળી રહ્યા છે.

**ગાંધીનગરથી ખુલાસો પૂછાયો છે – ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ.**

ખેડબ્રહ્મા ઘટક-૨ ના ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. અલ્પાબેન પટેલે જણાવ્યું કે નવામોટા બુબડીયાછાપરાં આંગણવાડી કેન્દ્રમાં મોકલવામાં આવેલા તેલના ડબા પૈકી ૪ ડબા એક દુકાનમાંથી મળી આવ્યા હતા જેની તપાસ થઈ રહી છે જેમાં હવે મહિલા બાળ વિકાસ વિભાગગાંધીનગરથી ખુલાસો રજૂ કરવા માટે ઍબિક સૂચના આપવામાં આવી છે.

# મોડાસા : એમપી દીપસિંહ રાઠોડે જનતાના આરોગ્યની ચિંતા કરી

### ફૂડ વિભાગને કેમ કહેવું પડ્યું તમે મને ન સમજાવો, મહિલા અધિકારી દલીલ કરતા રહ્યા



મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ખાણી-પીણીમાં ભેળ-સેળ થાય છે, પણ હજુ અરવલ્લી જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની કામગીરી ક્યાંક જોવાતી નથી. આ વચ્ચે આરોગ્ય લક્ષી મેળામાં ફૂડ વિભાગ દેખાડો દેતા એક સ્ટોલ મુકવામાં આવ્યો હતો. મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખાતે શરૂ કરવામાં આવેલા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના સ્ટોલની મુલાકાતે પહોંચેલા જિલ્લા સાંસદ દીપસિંહ રાઠડને ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓએ ભેળસેળને લઈને સમજાવવાનો પ્રયાસ કર્યો પણ અધિકારીઓ યોગ્ય રીતે સમજાવી શક્યા નહીં અને સાંસદે કહ્યું તમે મને ઊંધુ ન સમજાવો.

કોઈપણ ખાદ્યચીજોમાં કલર નાખીને લોકોના સ્વસ્થ્ય સાથે ચેડા કરવામાં આવતા હોય છે ત્યારે આ બાબતે ડેમો બતાવવામાં આવ્યો હતો, પણ ક્યાંક અધિકારીઓની ઉણપ જોવા મળી હોવાનું સાંસદને લાગ્યું હતું. ખાદ્યચીજોમાં સોડાનો ઉપયોગ થતો હોય છે, જેનું પ્રમાણ કેટલું હોય છે તેનું પ્રમાણ કેટલું હોય તે અંગે સાંસદે સવાલ પૂછ્યો હતો. ત્યારે અધિકારીઓએ ગોળ-ગોળ જવાબ આપતા સાંસદે કહ્યું કે, અરે આ બાબતે મને ન સમજવો. સાંસદે એમ પણ કહ્યું કે, કોઈપણ ખાદ્યચિજોમાં વપરાતી વસ્તુનું પ્રમાણ કેટલું હોય તેનું માપ તો હોય ને.

અરવલ્લી જિલ્લા સાંસદ દીપસિંહ રાઠોડે આરોગ્ય લક્ષી મેળાની મુલાકાતે પહોંચ્યા હતા, તે સમય દરમિયાન સાર્વજનિક હોસ્પિટલની મુલાકાતે પહોંચ્યા હતા તે સમય દરમિયાન ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો સ્ટોલ શરૂ કરવામાં આવ્યો હતો, જેની મુલાકાતે સાંસદ પહોંચ્યા હતા અને લોકોના સ્વસ્થ્ય સાથે કેવી રીતે ચેડા થાય છે તે સમજવાનો પ્રયાસ કર્યો હતો. ટૂંકમાં કહી શકાય કે, જિલ્લા સાંસદ દીપસિંહ રાઠડે જિલ્લાના લોકોના આરોગ્યની ચિંતા કરીને ફૂડ એન્ડ ડ્રગ વિભાગની કામગીરીથી તેઓ અસંતોષ જણાયા પણ લોકોના આરોગ્યને તેમણે પ્રાથમિકતા આપી હતી.

# બનાસકાંઠા અને પાટણના ૨૫૨ તળાવમાં નર્મદાનું નીર ભરવામાં આવશે

### ૧૫૨૬ કરોડના ખર્ચે નાસકાંઠાના ચાર તાલુકાના ૧૪૫ અને પાટણમાં ૧૦૭ તળાવ સજીવન કરાશે : તળાવોમાં પાણી ભરવાથી ૭૫ હજાર હેકટર જમીનને સિંચાઈનો લાભ થશે

પાલનપુર તા.૨૦

સિંચાઈના પાણીની અછત ધરાવતા ઉત્તર ગુજરાતના બનાસકાંઠા તેમજ પાટણ જિલ્લામાં જળ સંકટ ને નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૫૨ તળાવમાં નર્મદાનુ પાણી ભરવાની યોજના બનાવી છે જે માટે ૧૫૨૩ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે.

જેની વહીવટી મંજુરી મળ્યા બાદ તળાવોમાં પાઈપ લાઈન મારફતે પાણી નાખવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આ? અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પર્વતીયાળ અને રણ પ્રદેશ ધરાવતા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અપૂરતા વરસાદને લઈ ભૂગર્ભ જળ ઊંડા ગયા હોય આ વિસ્તારોમાં ખેડૂતોને સિંચાઈના પાણી માટે ભારે મુશ્કેલી ઓ વેઠવી પડી રહી છે.



ત્યારે ખેડૂતો દ્વારા ગામડાઓના તળાવોમાં નર્મદાનું નીર નાખવાની માંગ કરવામાં આવતા રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૨૫૨ તળાવોમાં પાટણ ના કસરા ખાતે પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાઈપ લાઈન વડે બનાસકાંઠામાં પાલનપુર તાલુકાના ૪૬ ગામના ૮૭, ડીસા તાલુકાના ૧૨ ગામના ૨૩,કાંકરેજ તાલુકાના ૧૪ ગામના ૩૬ અને દાંતીવાડા તાલુકાના એક ગામના ૨ તળાવ મળી ૧૪૫ તેમજ પાટણ જિલ્લાના ૧૦૭ તળાવોમાં પાણી ભરવા ૧૫૨૬ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

જેમાં નવા બજેટમાં રૂ.૯૩ કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે જેની વહીવટી મંજૂરીની પ્રકિયા પૂર્ણ થયે પાઈપ લાઈન ની કામગીરી શરૂ કરવામાં આવશે. જોકે બનાસકાંઠા અને પાટણ ના ૨૫૨ તળાવોમાં નર્મદા નું પાણી ભરવાથી આ બન્ને જિલ્લામાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવા થી ૭૫ હજાર હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે જેને લઈ જળ સંકટની સમસ્યા હળવી બનશે.

બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૨૫૨ તળાવોમાં પાણી ભરવા માટે કસરા ખાતે પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં થી ૨૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે જેમાં બનાસકાંઠાના ૧૪૫ અને પાટણના ૧૦૭ તળાવોમાં પાઈપ લાઈન મારફતે પાણી ભરવામાં આવશે. બનાસકાંઠા અને પાટણ જિલ્લા આ ૨૫૨ તળાવમાં નર્મદા નું પાણી પાઈપ લાઈન મારફતે પહોંચાડવા માટે પાટણ તાલુકામાં માસા અને ધારૂસણ તેમજ પાલનપુર તાલુકાના વાસણી (ગઢ) અને કુશકલ ખાતે ચાર પંપીગ સ્ટેશન બનાવવામાં આવશે.

# રાજ્ય સરકારનો લોકોને ઘર આંગણે સુવિધા પૂરી પાડવાનો અભિગમ : પરબતભાઈ પટેલ

### ડીસામાં બ્લોક હેલ્થ મેળો યોજાયો

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા ખાતે સાંસદ પરબતભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને આરોગ્ય મેળો યોજવામાં આવ્યો હતો. આ 'બ્લોક હેલ્થ મેળા' માં આરોગ્ય વિભાગ દ્વારા સમયસર અને ગુણવત્તાસભર





સેવાઓ મળી રહે તે અંગે જાણકારી આપવામાં આવી. આ મેળામાં આઈ.ડી, મોતિયાની તપાસ ઉપરાંત સ્પેશ્યાલિસ્ટમા પીડિયાટ્રીશીયન, ફીજીશિયન, ગાયનેક, ઓર્થોપેડિક, ડેન્ટીસ્ટ, સ્કીન, ઈ. એન. ટી, ટેલી કન્સલ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી અને કોરોના સમયગાળા દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આપેલ સેવાઓ અંગે સ્ટાફને બિરદાવવામાં આવ્યા હતા. આરોગ્ય મેળામાં વિવિધ પ્રકારની તબીબી સેવાઓનો લાભ સાથે અલગ અલગ આરોગ્યલક્ષી માહિતી પૂરી પાડતા સ્ટોલ ગોઠવીને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાંસદે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૧૮ થી ૨૨ એપ્રિલ સુધી બ્લોક હેલ્થ મેળાઓ યોજીને લોકોને ઘર આંગણે જ આરોગ્યલક્ષી સુવિધાઓ પુરી પાડવાનો અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય મેળામાં આયુષ્યમાન કાર્ડ સહિત વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ લોકો સરળતાથી અને વિના મૂલ્યે લઈ શકશે. રાજ્ય સરકારના આ અભિગમનો ઉપયોગ કરીને આરોગ્ય મેળાનો વધુમાં વધુ લાભ લેવા માટે લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો.

આ આરોગ્ય મેળામાં સાંસદ પરબતભાઈ પટેલ,જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશભાઈ હરિયાણી, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, તેમજ જિલ્લાના આરોગ્ય શાખાના તમામ પ્રોગ્રામ ઓફિસર તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## જન્મદિને વધામણી




સંકેત ચૌધરી
એડવોકેટ
રામનગર



સંજયભાઈ રમણભાઈ પટેલ
મુખ્ય શિક્ષક, પાટચો
પ્રા.શાળા
આકરુન્દ તાલુકો
ધનસુરા




કેયૂર બી.પટેલ
ટ્રસ્ટી, ગ્રમોર ફાઉન્ડેશન
હિંમતનગર



જયેશ મણીલાલ પંચાલ
બાયડ હાલ,ગાંધીનગર

# ટીંટોઈ ગામમાં તસ્કરો ત્રાટક્યા, સમર્થ એપાર્ટમેન્ટમાંથી બે બાઈક,મોબાઈલ, રૂપિયાની ચોરી : તસ્કર પાણી પીતો CCTVમાં કેદ....!!








મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં થોડા મહિના અગાઉ સતત ચોરીની ઘટના બનતા પોલીસ તંત્ર દોડતુ થયું હતું રૂરલ પોલીસ તસ્કર ટોળકીને ઝડપી પાડવામાં નિષ્ફળ રહેતા ગામલોકોએ રાત્રી પહેરો ચાલુ કરવા મજબુર બન્યા હતા તસ્કર ટોળકીએ થોડો સમય પોરો ખાધા પછી ફરીથી સક્રિય થતા ગામલોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે તસ્કર ટોળકીએ સમર્થ કોમ્પ્લેક્ષમાં ત્રાટકી ઘરમાં હાથફેરો કરી બે હજાર રોકડ રકમ ચોરી કરી બે મોબાઈલ અને પાર્કિંગમાં રહેલા બે બાઈકની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઇ ગયા હતા તસ્કર ટોળકીને જાણે કોઈ ડર જ ન હોય તેમ ઍપાર્ટમેન્ટ નીચે શાંતિથી પાણી પીતો નજરે પડ્યો હતો ચોરીની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ટીંટોઈ ગામમાં આવેલ સમર્થ એપાર્ટમેન્ટમાં મંગળવારે રાત્રે તસ્કર ટોળકીએ અતુલભાઈ ઠાકરના મકાનમાં ત્રાટકી ચોરી કરવા માલસામાન ફંફોસી નાખ્યો હતો ઘરમાં રહેલા બે હજાર રૂપિયા રોકડ રકમ અને બે મોબાઈલ ચોરી કરી તસ્કર ટોળકીને મોટી રકમ કે સોના-ચાંદીના દાગીના હાથ ન લાગતા એપાર્ટમેન્ટ નીચે પાર્ક કરેલી બે બાઈકની ચોરી કરી ફરાર થઇ ગયા હતા એપાર્ટમેન્ટમાં ચોરીની ઘટના બનતા એપાર્ટમેન્ટના રહીશો અને આજુબાજુના લોકોમાં તસ્કર ટોળકી રીએન્ટ્રી થતા ફફડી ઉઠ્યા હતા ચોરીની ઘટનાની જાણ રૂરલ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથધરી હતી મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ચોરીનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.